**સ્પેશ્યલ દિવાની મુકદમા નંબર:– ૪૩૧ /૨૦૧૯**

**–: <u>આંક–૦૧ લગત હુકમ</u> :–**

સદર કામે દાવાનું રેકર્ડ ધ્યાને લેતા સદર કામમાં છેલ્લા ઘણા સમયથી વાદી કે તેઓના વિધ્વાન વકીલશ્રી હાજર રહી સદર દાવાની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવેલ નથી. રેકર્ડ ધ્યાને લેતા સદર કેસ **૦૬ વર્ષ** જુનો કેસ છે, તેમજ '' **ટારગેટ રેડી** '' તરીકે ચાલે છે. વધુમાં દાવાનું રેકર્ડ ધ્યાને લેતા વાદી તરફે દાવાની કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈ જ અસરકારક કાર્યવાહી કરેલ નથી. વધુમાં આજરોજ પોકાર કરાવતા વાદી કે તેઓના વિધ્વાન વકીલશ્રી હાજર નથી. વાદી તરફે કોઈ મુદત અરજી રજુ નથી. વધુમાં દાવાનું રેકર્ડ ધ્યાને લેતા વાદી કે તેઓના વિધ્વાન વકીલશ્રી સદર દાવાની ન્યાયિક કાર્યવાહીમાં છેલ્લા ઘણા સમયથી હાજર રહેલ નથી. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા વાદીને સદર દાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. તે સંજોગોમાં વાદીની ગેરહાજરી અને સદર દાવાની કાર્યવાહી આગળ ન ચલાવવાના કસુર બદલ સદર **હાલનો દાવો રદ(ડીસમીસ ફોર ડીફોલ્ટ)** કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ:– ૨૮ /૦૪/૨૦૨૫
અમદાવાદ.

**(નિર્મલસિંહ અર્જુનસિંહ ગઢવી)**
છઠ્ઠા એડી.સિનીયર સિવીલ જજ,
અમદાવાદ(ગ્રામ્ય),નવરંગપુરા.
કોડ નંબર:–જી.જે.૦૧૧૪૧